ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0



વૈદિક વૈજ્ઞાનિક પદ્ધતિ : કોરોના વાયરસ હટાવવા સેનેટાઈઝેશનનો વૈદિક વૈજ્ઞાનિક પ્રયોગ સેક્ટર-૧ ખાતે યોજાયો હતો... વૈદિક વિજ્ઞાન આધારિત યજ્ઞયાત્રામાં ૭૨ પ્રકારની ઔષધિના ધુમાડાથી સમગ્ર સેક્ટરને સેનેટાઈઝ કરવાનો અભિનવ પ્રયોગ કરાયો હતો...

# જિલ્લામાં નવા ૨૭૦ કેસ નોંધાયા

# કોરોનામુક્ત થનાર દર્દીઓ ૨૯૨

### ગાંધીનગરમાં ૨૭, કલોલમાં ૩૦, દહેગામમાં ૪૫, માણસામાં ૫૬ કેસ : સે. ૧૩ માંથી ૧ વર્ષનું બાળક સંક્રમિત થયેલુ મળ્યુ : સે. ૫, સરગાસણમાં ૧૧-૧૧ કેસ, વાવોલમાં ૯, સે. ૧૩ માં ૭ કેસ, પેથાપુરમાં ૬ કેસ, સે. ૧૪, ૨૭ માં ૫-૫ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના સંકટ વચ્ચે પણ આજે મોટી રાહત થાય તેવા સમાચાર છે. જિલ્લામાં આજે કોરોનાના નવા નોંધાયેલા કેસ કરતાં કોરોનાથી મુક્ત થનાર દર્દીઓની સંખ્યા વધુ છે. ઘણા દિવસો બાદ આ સમાચારથી તંત્રએ થોડોક હાશકારો અનુભવ્યો છે.

જિલ્લામાં આજે કોરોનાના ૨૭૦ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૫૮ અને ગાંધીનગર શહેરમાં ૧૧૨ કેસ નોંધાયા છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં કોરોનાનું સંક્રમણ સ્થિર થયુ હોય તેવુ લાગે છે. જો કે દહેગામ, માણસા અને કલોલમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્ર ચિંતામાં જરૂર છે.

જિલ્લાના અંતરિયાળ ગામોમાંથી કેસો સતત મળી રહ્યા હોવાથી રજાના દિવસે પણ તંત્ર દોડતુ રહ્યુ હતુ. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૨૩ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારોમાં શરૂ કરાયેલા આઈસોલેશન સેન્ટરોને લઈ ગઈકાલે રાજ્યના મુખ્યમંત્રીએ કલોલના આરસોડિયાની મુલાકાત લીધી હતી. આજે રાજ્ય હેલ્થ મિશનના મેને. ડિરેક્ટર પંડ્યાએ ગાંધીનગર તાલુકાના મેદરા ગામના આઈસોલેશન સેન્ટરની મુલાકાત લીધી હતી અને ત્યાં રખાયેલા દર્દીઓ સાથે વાતચીતો કરી હતી.

જિલ્લામાં આજે ગ્રામ્ય વિસ્તારમાં ૧૬૪ દર્દી અને શહેરમાં ૧૨૯ દર્દીઓ મળી કુલ ૨૯૩ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. આમ જિલ્લામાં ઘણા દિવસો બાદ સંક્રમિત કરતાં કોરોનામુક્ત થયેલા દર્દીઓની સંખ્યા વધુ નોંધાઈ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા કેસોમાં દહેગામમાં ૪૫, ગાંધીનગરમાં ૨૭, કલોલમાં ૩૦ અને માણસામાં ૫૦ કેસનો સમાવેશ થાય છે.

જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાં ૭૬ મહિલા દર્દી, ૩૧ ખેડૂત, ૧૦ વિદ્યાર્થી, એક શિક્ષક સહિત ૧૦ કર્મયોગી તેમજ ૮ દર્દી જેમની આયુ ૨૦ કરતાં ઓછી છે તેમનો સમાવેશ થાય છે. માણસા અર્બનમાંથી ૭ વર્ષની દિકરી સંક્રમિત થયેલી મળી આવી છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં બાળકો અને મહિલા દર્દીઓની વધતી જતી સંખ્યાએ તંત્રમાં ચિંતાની લાગણી જન્માવી છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આજે ૪૫ કેસ નોંધાયા છે. જેમાં દહેગામ શહેરમાંથી પાંચ કેસ મળી આવ્યા છે.

ગ્રામ્ય વિસ્તારમાં જિંડવા અને ઉડન ગામેથી ૩-૩ કેસ ઉપરાંત હિલોલ, કડજોદરા, અમરાજીના મુવાડા, પાલુન્દ્રા, ધણિયોલ, ધારીસણા, લવાડ, હાલીસા અને નાંદોલમાંથી ૨-૨ કેસ તેમજ બહિયલ, દેવકરણના મુવાડા, કેશાજીના મુવાડા, બારડોલી કોઠી, લિહોડા, નાગજીના મુવાડા, નવા થામ્બલિયા, હાથીજણ, બાબરા, ભાદરોડા, નવાનગર, પાટનાકુવા, બારોટના મોસમપુરા, લાખાના મુવાડા, સલકી અને સાણોદા ગામેથી કેસો મળી આવ્યા છે.

દહેગામ તાલુકામાં કેસો વધતાં તંત્રએ સઘન સર્વેલન્સના આદેશો આપ્યા છે. નાના અને અંતરિયાળ ગામોમાંથી મળેલા કેસોએ તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

ગાંધીનગર તાલુકામાં કોરોનાનું સંક્રમણ સ્થિર થયુ છે અને કેસોની સંખ્યામાં ઘટાડો થવાનું શરૂ થતાં તંત્રએ થોડીક રાહત અનુભવી છે.

તાલુકામાં આજે ૨૭ કેસ નોંધાયા છે. જેમાં ગિયોડ, મોટા ચિલોડા, ઈસનપુર મોટામાં ૩-૩ કેસ, છાલા, મોટી આદરજ અને અડાલજમાંથી ૨-૨ કેસ તેમજ ડભોડા, લેકાવાડા, પ્રાંતિયા, શિહોલી મોટી, રતનપુર, નવા પાલજ,



ઉવારસદ, ગલુદણ, લિમ્બડિયા, મગોડી, મેદરા, વલાદ ગામેથી પણ કેસો મળી આવ્યા છે.

કલોલમાં ગઈકાલે નોંધાયેલા ૭૦ કેસ બાદ આજે વધુ ૩૦ કેસ મળી આવ્યા છે. કલોલમાં વધી રહેલા સંક્રમણને લઈ તંત્રની ચિંતા વધી છે. કલોલ શહેરમાંથી આજે ૬ કેસ મળી આવ્યા છે.

કલોલ તાલુકાના ગ્રામ્ય વિસ્તાર છત્રાલમાંથી ૪, બોરીસણા, સાંતેજમાંથી ૩-૩ કેસ, જાસપુર, રકનપુરમાંથી ૨-૨ કેસ તેમજ ધાનજ, હાજીપુર, મોટીભોંયણ, આમજા, નારદીપુર, બિલેશ્વરપુરા, પલોડિયા, આરસોડિયા, ધમાસણા, સઈજમાંથી કેસ મળી આવેલ છે.

માણસા તાલુકામાં કેસોની સંખ્યા જે ગતિએ વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. માણસા તાલુકામાં મહિલાઓ બાળકો વધુ સંક્રમિત થઈ રહ્યા હોવાથી પણ તંત્રની ચિંતા વધવા પામી છે.

માણસા તાલુકામાં આજે ૫૬ કેસ નોંધાયા છે. જેમાં માણસા અર્બનમાંથી જ ૧૭ કેસ મળી આવ્યા છે. માણસા શહેરમાં વધતા જતા સંક્રમણે તંત્રની ચિંતામાં વધારો કર્યો છે.

માણસા તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આજોલ, પુંધરામાંથી ૫-૫ કેસ, લોદરા, મંડાલી ગામેથી ૩-૩ કેસ, દેલવાડા, વ્યાસપાલડી ગામેથી ૨-૨ કેસ, ઉપરાંત ચરાડા, સમૌ, વિહાર, ખરણા, પરબતપુરા, ખડાત, કુવાદરા, લાકરોડા, મહુડી, અંબોડ, ધેધુ, જામળા, લિમ્બોદરા, રણછોડપુરા, શોભાસણ, ભીમપુરા, ધોળાકુવા, ચડાસણા, વેડા ગામેથી કેસો મળી આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૯૯૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે અને ૮૮૬૫ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં હોમ આઈસોલોશનમાં રહેલા દર્દીઓની સંખ્યા વધતાં તંત્રએ આવા દર્દીઓનું સઘન મોનીટરીંગ કરવા તેમજ સોશ્યલ ડિસ્ટન્સીંગ અને ફરજીયાત માસ્કના નિયમની અમલવારી અસરકારક કરવા સૂચનાઓ આપી છે.

ગાંધીનગર શહેરમાં આજે આરોગ્ય તંત્ર માટે રાહતનો દિવસ છે. શહેરમાં આજે નવા નોંધાયેલા કેસોની સામે કોરોનામુક્ત થયેલા દર્દીઓની સંખ્યા વધુ છે. શહેરમાં આજે નવા ૧૧૨ કેસ નોંધાયા છે.

શહેરમાં સંક્રમણ ઘટતાં તંત્ર રાહતની લાગણી અનુભવી રહ્યુ છે. શહેરમાં આજે ૧૧૨ કેસ નવા કેસ નોંધાયા છે. જેમાં શહેરમાં સમાવિષ્ટ સેક્ટરોમાં ૫૯ કેસ અને શહેરના અન્ય વિસ્તારોમાંથી ૫૩ કેસ મળી આવેલ છે.

શહેરમાં ૧ વર્ષનું બાળક સે. ૧૩ માંથી સંક્રમિત થયેલુ મળી આવેલ છે. શહેરમાં આજે ૧૦ બાળકો સંક્રમિત થયેલા મળી આવ્યા છે જેમની આયુ ૨૦ વર્ષ કે તેથી ઓછી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૪૬ મહિલા દર્દીઓ નોંધાઈ છે. મહિલા અને બાળ દર્દીઓ ઉપરાંત મોટી વયના લોકો જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેમજ કોરોના માટે હોટસ્પોટ બનેલા વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે.

શહેરમાં આજે સે. ૫ માંથી ૧૧, સે. ૧૩ માંથી ૭, સે. ૧૪ અને ૨૭ માંથી ૫-૫, સે. ૨૫, ૨૬, ૨૯ માંથી ૪-૪, સે. ૭ અને ૧૭ માંથી ૩-૩, સે. ૪, ૧૨, ૨૦, ૩૦ માંથી ૨-૨ કેસ તેમજ સે. ૩, ૬, ૧૫, ૨૧, ૨૩ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી આજે સરગાસણમાંથી ૧૧, વાવોલમાંથી ૯, પેથાપુરમાંથી ૬, કોલવડા, કુડાસણમાંથી ૪-૪, રાંધેજા, રાંદેસણમાંથી ૩-૩, ભાટ, કોબા, રાયસણ, ઝુંડાલમાંથી ૨-૨ તેમજ બોરીજ, ધોળાકુવા, જીઈબી, ઈન્ફોસીટીમાંથી પણ કેસ મળી આવેલ છે.

# સરકાર-સંસાધનો કોરોનાની સામે, પ્રજાની પડખે છે : રૂપાણી

### રાજ્યમાં તમામ સુવિધાઓ, સંસાધનો ઉપલબ્ધ છે એટલે કોઈએ પણ ડરવાની કે ગભરાવાની જરૂર નથી : મુખ્યમંત્રી

અમદાવાદ, તા. ૯

જિલ્લાના સાણંદ તાલુકાના ચેખલા ગામ સ્થિત કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટરની મુખ્યમંત્રી વિજય રૂપણીએ મુલાકાત લીધી હતી. મારે ગામાડાઓને બચાવવા છે – સુરક્ષિત કરવાં છે એટલે જ આ અભિયાન શરૂ કર્યું છે તેમ મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ જણાવ્યું હતું. સૌ સાથે મળીને કોરોના સામે જંગ લડીશું તો જીત નિશ્ચિત છે. સાફ નિયત અને સાચી દિશાના પ્રયત્નો થી ગુજરાતને કોરોનામુક્ત કરીશું. ચેખલાના ચોરે રાજ્યના ગ્રામજનોને સકારાત્મક સંદેશો પણ આપ્યો હતો. ગામડાઓને કોરોના મુક્ત રાખવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે.




આખી સરકાર-સંસાધનો કોરોનાની સામે અને પ્રજાની પડખે છે. કોરોનાને હરાવવા સરકાર રાજ્ય સરકાર કટિબદ્ધ છે - જરૂર છે સક્રિય લોક સહયોગની જરૂર છે. તાવ,શરદી,ખાસી જેવા લક્ષણો ને અવગણવાને બદલે સત્વરે ટેસ્ટ કરાવીએ છીએ. ગામમાં શંકાસ્પદ કે કોરોના પોઝિટિવ દર્દીઓ આઈસોલેસન સેન્ટરમાં જ રહે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાજ્યના ગામડાઓમાં કોરોનાનું સંક્રમણ અટકાવવા અને ગામડાઓને કોરોનામુક્ત રાખવા હાથ ધરેલા રાજ્યવ્યાપી ×મારુ ગામ કોરોના મુક્ત ગામ× અભિયાન અંતર્ગત આજે અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકા સ્થિત ચેખલા ગામ કોમ્યુનિટી કોવિડ કેર સેન્ટરની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીએ ચેખલા ગામના ચોરેથી સમગ્ર રાજ્યને હૈયાધારણા આપતા કહ્યું કે, આખી સરકાર અને સંસાધનો કોરોનાની સામે અને પ્રજાની પડખે છે. રાજ્યમાં તમામ સુવિધાઓ, સંસાધનો ઉપલબ્ધ છે એટલે કોઈએ પણ ડરવાની કે ગભરાવાની જરૂર નથી .કોરોનાને હરાવવા સરકાર કટિબદ્ધ છે જરૂર છે માત્ર લોકોના સક્રિય સહયોગની તેવો ભાવ મુખ્યમંત્રી એ વ્યક્ત કર્યો હતો.

# સિવિલ કેમ્પસમાં વહી સેવાની અનોખી "સરવાણી"

### કોઈ ભોજન સેવા પુરી પાડે છે તો કોઈ મીનરલ પાણી પીવડાવે છે, કોઈ છાશ પીવડાવી તૃપ્ત કરે છે તો કોઈ ચા પીવડાવી જાગૃત રાખે છે




માનવ સેવા સમિતિ



ટ્રુ-વિઝન તથા સહયોગ મંડળ




મા નર્મદા ગૌશાળા (સતાધાર ગૃપ)



હરિઓમ તથા અઘોરી ગૃપ, કલોલ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા કોવિડના દર્દીઓના સગાઓ કેમ્પસમાં મોટી સંખ્યામાં જોવા મળે છે. જેઓ ક્યાં તો એમ્બ્યુલન્સ સાથે લાઈનમાં પેશન્ટને એડમિટ થવાની રાહ જોવામાં ક્યાં તો હોસ્પિટલમાં એડમિટ પેશન્ટના સ્વાસ્થ્યની ભાળ મેળવવા આખેઆખો દિવસ બેસી રહેતા હોય છે.

આ ઉપરાંત કેમ્પસમાં ૧૦૮ સહિત અનેક એમ્બ્યુલન્સ જે દર્દીઓને લઈને આવે છે તેના ડ્રાઈવર્સ, ઈએમટી ઉપરાંત કેમ્પસના આરોગ્ય કર્મીઓ, સફાઈ કર્મીઓ, સુરક્ષા કર્મીઓ વગેરે પણ મોટી સંખ્યામાં જોવા મળે છે. આ તમામને આ કટોકટીના સમયમાં કેમ્પસમાં ચાલતી સેવાકીય પ્રવૃત્તિઓના સ્વયંસેવકોનો સધિયારો મળી રહ્યો છે જેના કારણે તેમને પીવાના પાણીથી માંડીને ભોજન સુધીની સેવાઓ પ્રાપ્ત થઈ રહી છે અને આ સેવા આપવામાં અનેક સંસ્થાઓ તથા સ્વયંસેવકો સતત ખડેપગે કાર્યરત જોવા મળી રહ્યાં છે જેઓ સ્હેજ પણ થાક્યા-કંટાળ્યા વિના અવિરત સેવા આપી રહ્યાં છે.

- **માનવ સેવા સમિતિ**

ગાંધીનગરની માનવ સેવા સમિતિ તથા પૂ. અવધૂતનંદ દાદાજી પરિવારના સંયુક્ત ઉપક્રમે સિવિલ કેમ્પસમાં બે ટાઈમ ચા-બિસ્કીટ સાથે સવારે ખિચડી પ્રસાદનું વિતરણ કરાઈ રહ્યું છે જેમાં તેઓ અંદાજે ૧ હજાર જેટલાં પેકેટ્સનું છેલ્લા આઠ દિવસથી વિતરણ કરી રહ્યાં છે. આ માટે તેઓ ૪૦ કિલો ચોખા, ૧૫ કિલો મગની મોગર, ૧૫ કિલો તેલ તથા શાકભાજી વગેરેનો ઉપયોગ કરી રહ્યાં છે. ચા માં પણ તેઓ તુલસી, ફુદીનો, ઈલાયચી વગેરેનો ઉપયોગ કરી રહ્યાં છે. આ સેવામાં સમિતિના પ્રમુખ દર્શન પટેલ સાથે કમલેશ ત્રિવેદી, મેહુલ યોગી, ભાવેશ શુકલ, યતીન શુકલ અને ઈશાન ગોંદકર વગેરે સેવા આપી રહ્યાં છે.

- **ટ્રુ-વિઝન તથા સહયોગ મંડળ**

ગાંધીનગરના ટ્રુ-વિઝન ગૃપ દ્વારા સહયોગ મંડળની સહાયથી સોમવારથી પીવાના મિનરલ પાણીની બોટલોનું નિઃશુલ્ક વિતરણ શરૂ કરવામાં આવ્યું છે. જેમાં તેઓ ૧૨૦૦ થી ૧૫ જેટલી બોટલોનું દૈનિક વિતરણ કરી રહ્યાં છે. આ ઉપરાંત તેઓ કોવિડ વોર્ડના દર્દીઓ માટે ૩૫૦ બોટલ લીંબુ શરબત અને વેન્ટિલેટર્સ પરના દર્દીઓ માટે ૪૫ મીક્સ ફ્રુટ જ્યુસના ટ્રેટા પેક પણ પહોંચાડી રહ્યાં છે.

- **મા નર્મદા ગૌશાળા (સતાધાર ગૃપ)**

ગાંધીનગરના સતાધાર ગૃપના સહયોગી તથા પ્રાંતિયા-ડભોડા રોડ પરની મા નર્મદા ગૌશાળાના સંચાલકો દ્વારા દરરોજ સિવિલ કેમ્પસમાં ૧૨૦ લીટર છાશનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવી રહ્યું છે. જેનો અંદાજે દૈનિક ૭૦૦ જેટલાં લાભાર્થીઓ લાભ લઈ રહ્યાં છે. આ કાર્યમાં સ્વયંસેવકો માસ્ક-હેન્ડગ્લોવ્ઝ વગેરે સાથે કોવિડ ગાઈડલાઈનનું પાલન કરી રહ્યાં છે અને ચિલોડા સર્કલે પણ વટેમાર્ગુઓને છાશ પીવડાવી તૃપ્ત કરી રહ્યાં છે.

- **હરિઓમ તથા અઘોરી ગૃપ, કલોલ**

બપોરે ૧૨ વાગ્યા પછી કલોલથી આવતુ હરિઓમ ગૃપ તથા અઘોરી ગૃપ સંયુક્તપણે વિવિધ ભોજન પેકેટ્સ પુરા પાડી રહ્યું છે. આજે રવિવારે તેમણે મગ-પુરીનું ભોજન પીરસ્યું હતુ તો ગઈકાલે શનિવારે પુરી-શાકનું વિતરણ કર્યુ હતુ. આ સાથે તેઓ કલોલમાં હોમ કોરોન્ટાઈન દર્દીઓને પણ ઘરે ભોજન સેવા પુરી પાડી રહ્યાં છે.

## સે. ૨ સ્વામિનારાયણ મંદિરે કોવિડ કેર સેન્ટરમાં દાખલ વિદેશી મહિલાને અમદાવાદ ખસેડાઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના સેક્ટર-૨ ખાતેના સ્વામિનારાયણ મંદિરે ૫૦ બેડનું કોવિડ કેર સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. જેમાં અત્યારે ૨૦ થી વધુ દર્દીઓ સારવાર લઈ રહ્યાં છે. આ કોવિડ કેર સેન્ટર પર ત્રણેક દિવસ પહેલા આમ્રપાલી વૃદ્ધાશ્રમથી એક ૭૨ વર્ષીય વિદેશી મહિલાને કોરોના પોઝિટીવ હોવાને કારણે લાવવામાં આવ્યા હતા. હર્જા ડોનાલ્ડ નામની આ મહિલાને ગઈકાલે ઓક્સિજન લેવલ ડાઉન થઈ જતાં તાત્કાલિક અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે જ્યાં તેમને વેન્ટિલેટર પર રખાયાં છે અને હાલ તેમની તબિયત સ્થિર છે.



સે. ૨ ના સ્વામિનારાયણ મંદિરે દાખલ કરવામાં આવેલા વિદેશી મહિલા હર્જા ડોનાલ્ડના દૂરના સગા લંડનમાં રહે છે તેમની સાથે તેઓ સારવાર દરમ્યાન વાત કરતા હતા પરંતુ અહીં કોઈ તેમના નજીકના સગાનો સંપર્ક થઈ શક્યો નથી. સ્વામિનારાયણ મંદિરે તા. ૩જી મે સોમવારથી શરૂ કરવામાં આવેલા કોવિડ કેર સેન્ટરમાં મંદિરના મહંત સ્વામી પી.પી. સ્વામીના માર્ગદર્શન હેઠળ શરૂ કરાયેલ ૫૦ બેડના નિઃશુલ્ક કોવિડ કેર સેન્ટરમાં અત્યાર સુધીમાં ૩૫ દર્દીઓ લાભ લઈ ચુક્યાં છે. જે પૈકી હાલ ૨૦ થી વધુ દર્દીઓ દાખલ છે. અહીં મંદિર તરફથી સવાર-સાંજ બે ટાઈમ ચા-નાસ્તો, બે ટાઈમ સાત્વિક ભોજન તથા ફળફળાદિ, જ્યુસ તથા લીંબુ શરબતની સેવા પણ આપવામાં આવે છે. તબીબી અને નર્સીંગ સેવા સાથે અહીં ઈમર્જન્સી પુરતી ઓક્સિજન સુવિધા પણ ઉપલબ્ધ રખાઈ છે અને દર્દીની સ્થિતિ જો વણસે તો સ્વયંસેવકો દ્વારા સિવિલ હોસ્પિટલમાં કે અન્ય મોટી હોસ્પિટલમાં દર્દીને ખસેડવાની સેવા પણ પુરી પાડવામાં આવે છે.

## કોમર્સ કોલેજના યુવા અધ્યાપક ડૉ. રમેશરાજસિંહ ચૌહાણનું અવસાન

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર કોમર્સ કોલેજના યુવા અધ્યાપક અને એનસીસીના ઓફિસર ડૉ. રમેશરાજસિંહ ચૌહાણનું કોરોનાની સારવાર દરમ્યાન અવસાન થતાં શૈક્ષણિક જગતમાં શોકની લ્હેર છવાઈ જવા પામી છે.



રામપુરા જોડકા ગામના વતની હતા. તેમણે વલ્લભ વિદ્યાનગરની એસ.વી.યુનિ.માંથી પીએચડીની ડિગ્રી મેળવી હતી. વિદ્યાર્થીઓ અને સ્ટાફમાં સૌને પ્રિય ડૉ. ચૌહાણના અવસાન થયાના સમાચારથી કોલેજ કેમ્પસમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality

KisaN

ashirvad

Jaquar experience bathing

DR. FIXIT

TATA STEEL • PIPES • SHEETS

ET TMT BARS Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

કેપિટલ ઓફસેટ ®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com